# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૦૧/૦૫/૨૦૧૭ થી તા.૦૭/૦૫/૨૦૧૭

## પ્રેસનોટ

**લૂંટ વીથ બળાત્કારના ગુન્હા આચરતિ "કુખ્યાત વેડવા ગેગ" ના એક વર્ષથી પેરોલ જમ્પ રીઢા ગુન્હેગારને ઝડપિ પાડતી એલ.સી.બી અમદાવાદ ગ્રામ્ય**

જીલ્લાના અલગ અલગ પો.સ્ટે ના ગુન્હામાં નાસતા ફરતા તેમજ પેરોલ/ફર્લો જમ્પ થયેલ આરોપીઓને ઝડપિ પાડવા જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ પો.ઇન્સ. શ્રી એલ.સી.બી. નાઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે પોલીસ ઇન્સપેકટર શ્રી.જે.એમ.ચુડાસમા, પો.સ.ઇ.શ્રી આઇ.એમ.ઝાલા અને એલ.સી.બી. ટીમે જીલ્લાના ગુન્હામાં નાસતા/ફરતા આરોપી તેમજ પેરોલ/ફર્લો જમ્પ આરોપીઓની ગુન્હો આચરવાની પધ્ધતિના આધારે સ્ફુટી કરી સંભવીત આશ્રય સ્થળો સંબધે જીણામાં જીણી માહિતિ એકઠી કરી આરોપીઓ જડપિ લેવા ચોકકસ દીશામાં ધ્યાન કેન્દ્રીત કરી પ્રયાસ હાથ ધરેલ તેના ફળસ્વરૂપે ચોકક્સ બાતમી આધારે સનાથલ સર્કલ નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી એક વર્ષ કરતા વધુ સમયથી પેરોલ જમ્પ રીઢા ગુન્હેગારને ઝડપી પાડેલ

### કુખ્યાત વેડવા ગેગનો પેરોલ જમ્પ રીઢો ગુન્હેગાર ઝડપાયો

**(૧) શંકો ઉર્ફે દેવરાજ સ/ઓ કેશુભાઇ હેમુભાઇ વેડવા ઉ.વ. ૩૩ રહે. રાતા વીઇડા તા. ધુઆ જી.મોરબી**

ઉકત આરોપી સને ૨૦૧૧ માં તા.૧૪/૦૭/૧૨ ના રોજ સાણંદ પોલીસ સ્ટેશનના ચેખલા ગામની સીમમાં શ્રી હરી પેટ્રોલપંપ ઉપર રહેતા શ્રમિક મજૂરોના બે કુટુંબો ઉપર રાત્રીના સમયે ત્રાટકીને લુંટ તથા બળાત્કારનો ગુન્હો આચરેલ જે ગુન્હામાં એલ.સી.બી. ધ્વારા અન્ય સહ આરોપીઓ સાથે ઝડપાયેલ અને છેલ્લે પેરોલ ઉપર છૂટતા સમયસર જેલમાં હાજર નહિ થઇ તા.૦૩/૦૪/૧૬ થી પેરોલ જમ્પ થઇ નવુ નામ ચકો ધારણ કરી નાસતો ફરતો રહેલ

આ ગેંગના મુખ્ય સુત્રધાર છનુ હેમા વેડવા (દેવીપુજક) તથા કેશુ હેમા વેડવા (દેવીપુજક) પકડાયેલ ન હતા. જેઓએ ગેંગમાં નવા સભ્યો સામેલ કરી પોતાની ગુન્હો કરવાની પ્રવૃતિ ચાલુ રાખેલ હતી. અને સને૨૦૧૨ માં વિરમગામ રૂરલ પો.સ્ટે. હદ વિસ્તારના હાસલપુર નર્મદા કેનાલના શ્રમિક મજૂરોને બંધક બનાવી લૂટ ચલાવી , શ્રમિક મહિલોઓ ઉપર બળાત્કાળ ગુજારેલ જે ગુન્હો એલ.સી.બી, ધ્વારા ગણત્રીના દિવસોમાં ડિટેકટ કરી આરોપીઓ ઝડપિ પાડેલ તેના પ્રોત્સાહન રૂપે તત્કાલીન ડિ.જી.પી.સાહેબશ્રીએ રૂ. ૨૫,૦૦૦/- નુ રોકડ ઇનામ આપી સન્માનીત કરેલ

અત્રે નોધનિય છે કે આ ગેગ ગુજરાત રાજયના અલગ અલગ શહેર જીલ્લાઓમાં જેવા કે, અમદાવાદ ગ્રામ્ય, મહેસાણા, સાબરકાંઠા, વડોદરા, સુરત, ગોધરા, પાટણ, બનાસકાંઠા વિગેરે જગ્યાઓએ ધાડ સાથે ખૂન, ધાડ સાથે બળાત્કાર, લુંટ, ચોરી જેવા ભયંકર અને અમાનવીય અસંખ્ય ગુન્હાઓ આચરેલ છે. તે પૈકી હાલમાં અમદાવાદ જીલ્લાના-૦૪, મહેસાણા-૦૫, બનાસકાંઠા-૦૭, પાટણ-૦૧, અમદાવાદ શહેરના-૦૧,વડોદરા જીલ્લાના -૦૯, સૂરત-૦૪, સાબરકાંઠા-૦૧, ગોધરા-૦૨, ખેડા-૦૪, ગાંધીનગર-૦૨,વિગેરે મળી ચાલીસેક ગુન્હાઓ ને અંજામ આપેલ જેમાં વડોદરા શહેરના ગોરવા પોલીસ સ્ટેશન ખાતે તા.૧૩/૦૩/૨૦૧૧ ના રોજ પોલીસ કોન્સ્ટેબલ અનિલકુમાર શર્માના ખૂન તેમજ મહેસાણા ના શંખેશ્ર્વર પાસે પોલીસ વર્ધીમાં નાઇટ ડયુટી કરતા કોન્સ્ટેબલ હાર્દીકભાઇને પણ માર મારી લુંટી લીધેલા ના ગુન્હાનો સમાવેશ થાય છે.

આમ, આ ગેંગના સભ્યો પોલીસ ઉપર પણ હુમલો કરતા અચકતા ન હોઇ ખતરનાક હોવાનું કહિ શકાય .

આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી ધ્વારા વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ

